સી.ઈ.ક.જા.નં. ૨૯૦
૨૬/૧૧/૨૦૦૯

સીટીએન્જીનીયરશ્રીની કચેરી,
ભાવનગર મહાનગરપાલિકા.
તાઃ ૨૬/૧૧/૨૦૦૯

::દફતરી હુકમ::

**વિષયઃ માન.સાંસદશ્રી તથા માન.ધારાસભ્યશ્રીઓ દવારા સુચવવામાં આવતા કામો માટે જિલ્લા આયોજન કચેરી દવારા મંગાવવામાં આવતા અંદાજો મોકલવા બાબત.**

**સંદર્ભઃ– નોંધ પર માન.કમીશનરશ્રીની તા.૨૬/૧૧/૦૯ થી મળેલ મંજુરી**

ઉપરોકત વિષયનાં અનુસંધાને જિલ્લા આયોજન કચેરી દવારા અંદાજો મંગાવવામાં આવે છે.હાલ આ અંદાજો મહાનગરપાલિકાના સબંધીત વિભાગો દવારા તૈયાર કરી સીટી એન્જીનીયર મારફત કમીશનરશ્રીની મંજુરી મેળવીને જિલ્લા આયોજન કચેરીને મોકલવામાં આવે છે.તથા સદરહુ અંદાજો ગાઈડ લાઈન અનુસાર ન હોઈ કે અંદાજો સાથે આપવાના થતા પ્રમાણ પત્રો આપી શકાય તેમ ન હોઈ તો સબંધીત વિભાગો દવારા જિલ્લા આયોજન કચેરીને જાણ કરવામાં આવે છે.

ઉપરોકત સંદર્ભથી મળેલ મંજુરી મુજબ માન.સાંસદશ્રી તથા માન.ધારાસભ્યશ્રીઓ દવારા સુચવવામાં આવતા કામો માટે સામાન્ય પરીસ્થિતી માં વહીવટી સરળાતા ખાતર તથા કામગીરીમાં વધુ ઝડપ થાય તે હેતુથી જિલ્લા આયોજન કચેરીને મોકલવાના થતા અંદાજો માટે સીટીએન્જીનીયરની મંજુરી મેળવીને અંદાજો જિલ્લા આયોજન કચેરીને મોકલી આપવાના રહેશે.

**"નોંધપરની માન.કમીશનરશ્રીની મંજુરી મુજબ"**

૨૬/૧૧/૦૯
સીટી એન્જીનીયર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

૧.કાર્યપાલક ઈજનેરશ્રી(તમામ)..અમલવારી સારુ
૨.ગાર્ડન સુપ્રિ.શ્રી.. અમલવારી સારુ

D:\HimanshuGeneral\General.doc